This Question Paper contains 8 printed pages.

Seat No.:

Sl. No. :

# 141(G)

**(February, 2026)**

*Time : 3 Hours]* *[Maximum Marks : 100*

સૂચનાઓ :
1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ છે (A, B, C, D, E) જેમાં 64 પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) જમણી બાજુ આપેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નોની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પેજથી જ શરૂ કરવું.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) કયા મનોવૈજ્ઞાનિકે ગંધના છ પ્રકાર આપ્યા છે ?
   (A) જે. બી. વોટ્સન
   (B) ફ્રોઈડ
   (C) ઈલિઝાબેથ હરલોક
   (D) હેનિંગ

2) સામાન્ય રીતે મનુષ્ય કેટલા CPS સુધીની કંપન સંખ્યાવાળો અવાજ સાંભળી શકે છે ?
   (A) 20 થી 20,000
   (B) 70 થી 70,000
   (C) 22 થી 22,000
   (D) 50 થી 50,000



https://www.gujaratboardonline.com

3) નીચેનામાંથી કયા મનોવૈજ્ઞાનિકને તબીબ વિદ્યાક્ષેત્રમાં નોબલ પારિતોષિક મળ્યુ હતું ?

(A) પાવલોવ

(B) કોહલર

(C) સ્કિનર

(D) થોર્નડાઇક

4) કયા પ્રકારના શિક્ષણમાં પ્રાણી ચોક્કસ પ્રતિક્રિયા કરે તો જ તેને ખોરાક મળે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન

(B) અવલોકનાત્મક શિક્ષણ

(C) કારક અભિસંધાન

(D) આંતર સૂઝ દ્વારા શિક્ષણ

5) બુદ્ધિ અંગેનો ત્રિપરિમાણાત્મક સિદ્ધાંત કોણે દર્શાવ્યો ?

(A) થર્સ્ટન

(B) ગિલ્ફર્ડ

(C) સ્પીયરમેન

(D) ગાર્ડનર

6) કેટલી બુદ્ધિક્ષમતા ધરાવનાર વ્યક્તિનો સમાવેશ સામાન્ય કક્ષામાં થાય છે ?

(A) 120 થી 130

(B) 90 થી 109

(C) 70 થી 79

(D) 80 થી 89

7) મનોવલણો જન્મજાત નહીં પરંતુ કેવા હોય છે ?

(A) અપેક્ષિત

(B) અનિવાર્ય

(C) સંપાદિત

(D) કાયમી



https://www.gujaratboardonline.com

8) સામાજિક રીત-રિવાજો, મૂલ્યો, રહેણીકરણી અને વિચારસરણી આત્મસાત્ કરવાની પ્રક્રિયા એટલે શું ?

(A) પૂર્વગ્રહ

(B) મનોવલણ

(C) સામાજિકરણ

(D) સમાજ અભિમુખતા

9) કયા પ્રકારના મનોભારની સ્થિતિમાં વ્યક્તિનું પ્રત્યક્ષીકરણ મર્યાદિત બને છે ?

(A) હળવો

(B) મધ્યમ

(C) તીવ્ર

(D) (A), (B), (C) માંથી એકેય નહી

10) તબીબી સંભાળને કયા પ્રકારનું સંસાધન કહી શકાય ?

(A) ભૌતિક

(B) વ્યક્તિગત

(C) સામાજિક

(D) ઉપલબ્ધ સંસાધન

11) અજ્ઞાત કે અભાનપણે અહમ્‌ને ટકાવી રાખવાની પ્રયુક્તિને શું કહે છે ?

(A) દમન

(B) બચાવ પ્રયુક્તિ

(C) વ્યક્તિત્વ

(D) સ્વપ્નાવસ્થા

12) કઈ મનોવિકૃતિમાં બાળક તેને કહેવામાં આવેલા વાક્યોનું પુનઃ ઉચ્ચારણ અવારનવાર કરે છે ?

(A) ઓટિઝમ

(B) ADHD

(C) ડિસ્લેક્ષીયા

(D) લખવાની વિકૃતિ



https://www.gujaratboardonline.com

13) અસરકારક સલાહના લક્ષણો નીચેમાંથી કોણે દર્શાવ્યા છે ?

(A) પેટરશન

(B) મોર્ગન

(C) જે.બી. વોટ્સન

(D) ફ્રોઇડ

14) મહર્ષિ મહેશ યોગી દ્વારા કયા ધ્યાનનો પ્રસાર થયો છે ?

(A) વિપશ્યના

(B) ભાવાતીત

(C) માઇન્ડફૂલ

(D) લેશ્યા ધ્યાન

15) કેવા વાતાવરણમાં લોકોમાં ઉશ્કેરાટ કે આક્રમકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે ?

(A) ઠંડા વાતાવરણ

(B) અતિશય ઠંડા વાતાવરણમાં

(C) ગરમ કે ભેજવાળા વાતાવરણમાં

(D) સામાન્ય વાતાવરણમાં

16) પર્યાવરણની મોટાભાગની સમસ્યાઓ કેવી છે ?

(A) કુદરતી

(B) આકસ્મિક

(C) માનવસર્જિત

(D) ભૌગોલિક

17) જેમાં એક જ વ્યક્તિ વ્યવસ્થાપક અને માલિક બન્ને હોય તેવી સંરચના એટલે ?

(A) અમલદારશાહી સંરચના

(B) સરળ સંરચના

(C) સમચોરસીય સંરચના

(D) જટિલ સંરચના



https://www.gujaratboardonline.com

18) જે સાધન દ્વારા વિજ્ઞાપનનો ફેલાવો થાય તેને વિજ્ઞાપનનું શું કહેવાય ?

(A) માધ્યમ

(B) બજાર

(C) વસ્તુ

(D) ગ્રાહક

19) અબ્રાહમ મેસ્લોએ પોતાના કયા પુસ્તકમાં એક પ્રકરણનું નામ 'Positive Psychology' રાખ્યું હતું ?

(A) Psychology for living

(B) Motivation and personality

(C) Think positive be positive

(D) Happiness and well-being

20) બિન શાબ્દિક સંકેતોને પારખવામાં કોણ વધુ કુશળ જોવા મળે છે ?

(A) સ્ત્રીઓ

(B) પુરુષો

(C) બન્ને સરખાં કુશળ જોવા મળે છે.

(D) કંઈ કહી ન શકાય

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

21) દષ્ટિ સંવેદનમાં 'નેત્રપટીય વિષમતા' કયા કારણથી સર્જાય છે ?

22) આહા ! અનુભવ કયા શિક્ષણ સાથે સંકળાયેલ છે ?

23) વ્યક્તિગત બુદ્ધિ કસોટી કોને કહે છે ?

24) બોધ એટલે શું ?



https://www.gujaratboardonline.com

25) મનોશારીરિક રોગો એટલે શું ?

26) OCD નું પુરું નામ જણાવો.

27) બોધાત્મક ઉપચાર પદ્ધતિ કોણે આપી ?

28) કર્ટ લેવિને વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેના સંબંધનું સ્વરૂપ દર્શાવવા કયો ખ્યાલ આપ્યો ?

29) ઊથલો એટલે શું ?

30) કિટાયામા અને માર્કુસ એ સંસ્કૃતિના કયા બે પ્રકાર દર્શાવ્યા છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** https://www.gujaratboardonline.com **[20]**

31) રૈખિક પરિપ્રેક્ષ્ય એટલે શું ?

32) પ્રત્યક્ષીકરણમાં સંગઠનના નિયમો ના નામ લખો.

33) પ્રશિષ્ટ અભિસંધાનમાં વિલોપનની ક્રિયા સ્પષ્ટ કરં

34) બુદ્ધિઆંકનું સૂત્ર ઉદાહરણસહિત સમજાવો.

35) સમૂહ માધ્યમના સાધનોના નામ જણાવો.

36) પૂર્વગ્રહો વિષચક્ર જન્માવે છે - સમજાવો.

37) અનુકંપી ચેતાતંત્રનું કાર્ય જણાવો.

38) Reuptake પ્રક્રિયા એટલે શું ?

39) બોધાત્મક પ્રતિમાનમાં સમાવિષ્ટ સ્મરણ (સ્મૃતિ) ના ઘટકને વર્ણવો.

40) પ્રતીક વિનિમય પદ્ધતિ એટલે શું ?

41) 'સલાહાર્થી' અને 'સલાહકાર' નો અર્થ સમજાવો.

42) ભૌતિક પર્યાવરણમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?



https://www.gujaratboardonline.com

43) .સંસ્થાના લક્ષણો જણાવો.

44) વિધાયક-નિષેધક ભાવ માપન તુલામાં જણાવેલ વિધાયક ભાવોની યાદી આપો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [30]

45) અનેત્રીય સંકેતોની સમજ આપો.

46) પ્રબલનના પ્રકારો ઉદાહરણ આપી સમજાવો.

47) સ્ટનબર્ગનો ત્રિપુટીનો સિદ્ધાંત સમજાવો.

48) રેવનની બુદ્ધિ કસોટી સમજાવો.

49) મનોવલણ ઘડતરને અસર કરતા પરિબળો દર્શાવી ગમેતે બે ની સમજૂતી આપો.

50) પૂર્વગ્રહ ઘટાડવાની કોઈપણ બે રીતો સમજાવો.

51) સંઘર્ષના ત્રણ પ્રકારો સમજાવો.

52) માનસિક સ્વાસ્થ્ય સુધારણાના ત્રણ ઉપાયો સમજાવો.

53) યોગના આઠ અંગોના નામ આપી કોઈપણ બે ટૂંકમાં સમજાવો.

54) 'સ્વપ્ન વિશ્લેષણ'ની ટૂંકનોંધ લખો.

55) 'ગ્રીન હાઉસ અસર' નો ખ્યાલ સ્પષ્ટ કરો.

56) માનવવર્તન પર ઘોંઘાટ અને હવાના પ્રદૂષણની અસરો વર્ણવો.

57) અરજીપત્રક અને મુલાકાત પદ્ધતિ કર્મચારી પસંદગી માટે કેવી રીતે મહત્ત્વની ભૂમિકા ભજવે છે ? સમજાવો.

58) સુખના પ્રકારો સમજાવો.



https://www.gujaratboardonline.com

## વિભાગ - E

નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.
દરેક પ્રશ્નના 5 ગુણ છે. [20]

59) ધ્યાનનો અર્થ આપી સ્વરૂપ સમજાવો (કોઈપણ પાંચ)

60) ધ્યાનના વસ્તુલક્ષી નિર્ધારકો ઉદાહરણસહિત સમજાવો.

61) થોર્નડાઇકે કરેલા પ્રયોગની ફલશ્રુતિ સમજાવો.

62) કોહલરે ચિમ્પાન્ઝી પર કરેલા પ્રયોગો જણાવી, બે લાકડીવાળો પ્રયોગ સવિસ્તર સમજાવો.

63) ગાર્ડનરનો બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત સમજાવો.

64) બ્રોનફેનબ્રેનરના પર્યાવરણ અંગેના પાંચ તંત્રોની સમજૂતી આપો.

◆◆◆

https://www.gujaratboardonline.com